city ભાસ્કર
VADODARA
SUNDAY, 3.7.2016

રોહિત શેટ્ટી અને રિભુની ફિલ્મને લઇને કરીના કપૂર મુંઝવણમાં | 4

QUOTE

> કલાને સામાન્ય લોકો સુધી લઇ જવી હોય તો પ્રિન્ટ્સ અસરકારક પૂરવાર થઇ શકે છે. માટેના પ્રયાસો હવે થઇ રહ્યાં છે.
> • પ્રિયાશ્રી પાટોડિયા

મેરી યાદોં કા શહર

▪ રાજેન્દ્ર શાહ
પૂર્વ ટુરિસ્ટ ગાઇડ

શહેરીજનોએ સ્વચ્છતાને સ્વભાવ બનાવવો જ રહ્યો

દરેકે સ્વચ્છતા પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવો જ જોઇએ

સ્વચ્છ વડોદરા, સ્વસ્થ વડોદરા અને સ્માર્ટ વડોદરા જેવા સ્લોગન્સ આજકાલ ખુબ સાંભળવા અને વાંચવા મળે છે. શહેર સ્વચ્છ હોય તો નગરજનોએ પણ સ્વચ્છતા પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવો જ જોઇએ. વિદેશની સફર કરી આવેલા ઘણાં લોકો ત્યાંની સ્વચ્છતાની વાતો તો ખુબ કરે છે પરંતુ પોતાના શહેરમાંજ ગમે ત્યાં કચરો ફેંકતા કે થુંકતા ખચકાટ અનુભવતા નથી. પરંતુ જાહેર રસ્તાઓ કે બગીચાઓમાં કચરો ફેંકી દેવામાં આપણને જરા પણ શરમ આવતી નથી. બેજવાબદારી ભરી વર્તણુંક બાદ સરીફ બનીને નગરપાલિકાને ભાડવાનો કોઇ મતલબ પણ નથી. જો કે હવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગંદકી કરનાર સામે દંડ વસુલ કરવાની નિતિ અમલમાં મૂકવામાં આવી છે. તે સારી વાત છે. પેલુ કહેવાય છે ને કે 'ભય વિના પ્રિત નથી' એ ઉક્તિ કદાચ અહીં સાચી ઠરે છે. જો કે દંડ વસુલ કરવાની પ્રથા તો વડોદરામાં ઘણાં વરસો પહેલા પણ હતી. લગભગ પચાસના દાયકામાં નગરપાલિકાના કર્મચારીઓ શહેરનાં વિવિધ વિસ્તારોમાં ફરતા અને કચરો જણાય તો ચાર આના કે આઠ આના જેવો દંડ ફટકારતા હતા. તે સમયે જો કોઇ વ્યકિતને એક રૂપિયાનો દંડ ભરવો પડે તો સમાજમાં તેને નિચુ જોવાનું થતું હતું. અને પછી ફાયર બ્રિગેડના વોટર સ્પ્રીન્કલસર્સ દ્વારા રસ્તાઓની સફાઇ કરવામાં આવતી હતી. આજથી એક શતક પહેલા વડોદરાની સ્વચ્છતા તથા ભવ્યતાથી અભિભૂત થઇને વિશ્વ પ્રસિધ્ધ અર્બન પ્લાનર પ્રેટ્રીક ગીરીશ ફેબ્રુઆરી-1915માં વડોદરા શહેરની મુલાકાતે આવ્યાં હતા. અને તેઓએ બનાવેલા રીપોર્ટમાં સુરસાગર સહિત વડોદરાના વિવિધ વિસ્તારો અને સ્થળો વિશે ઘણું સકારાત્મક લખાણ લખ્યું હતું જે આજે પણ અવેલેબલ છે. વડોદરાના એ ભવ્ય ભૂતકાળને વર્તમાનના વૈભવ સાથે જોડવો હશે તો નગરજનોએ સ્વચ્છતાને સ્વભાવ બનાવી આપણા શહેરને આપણે જ સ્વચ્છ રાખવું પડશે.

NCERT 17થી 19 ઓગસ્ટ સુધી સંસ્કૃત સપ્તાહ ઉજવશે

સિટી રિપોર્ટર @cbvadodara

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઇઆરટી) દ્વારા 17 થી 19 ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહ ઉજવવામાં આવશે. આ સંસ્કૃત સપ્તાહ દરમિયાન સ્કૂલ લેવલ ઉપર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં સંસ્કૃતની ઉપયોગીતા વિશે પણ સમજાવવામાં આવશે. આ સાથે જ હાયર એજ્યુકેશનમાં સંસ્કૃતની ભૂમિકા વિશે એક્સપટર્સ સ્ટુડન્ટ્સને માર્ગદર્શન આપશે. હાયર લેવલ ઉપર સંસ્કૃતમાં રિસર્ચ પેપર પણ ઓનલાઇન મોકલમાના રહેશે. આ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન WWW.ncert.nic.in ઉપરથી 18 જુલાઇ સુધ કરી શકાશે. આ સાથે જ 8 ઓગસ્ટ સુધી રિસર્ચ પેપર રિલેટેડ જાણકારી આપવામાં આવશે.

રિસર્ચ પેપરના વિવિધ વિષયો

સંસ્કૃત સપ્તાહ દરમિયાન સ્કૂલ, લેન્ગવેજ પોલિસી અને કેસ સ્ટડીમાં સંસ્કૃત ભણાવવાની સરળ રીતોની સાથે અન્ય વિષયો પર રિસર્ચ પેપર અંગે જાણકારી 18 જુલાઇ સુધી NCERTને મોકલવાની રહેશે.

ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગના ટેક્સટાઇલ કેમિસ્ટ્રી વિભાગના પ્રાધ્યાપકે એક ઉપયોગી રિસર્ચ કર્યું છે

MSUના પ્રાધ્યાપકના રિસર્ચથી ભવિષ્યમાં આર્ટિફિશિયલ હાડકાં તૈયાર કરી શકાશે

આસિસ્ટન્ટ પ્રોફેસર ભરત પટેલના આ ખાસ રિસર્ચની મદદથી હવે આર્ટિફિશિયલ હાડકાં સહિતની અન્ય ઉપયોગી ચીજો પણ તૈયાર થઈ કરી શકાશે

સિટી રિપોર્ટર @cbvadodara

એમ.એસ.યુનિ.ના ટેક્સટાઇલ કેમેસ્ટ્રી એન્જિનિયરિંગ વિભાગના આસિસ્ટન્ટ પ્રૉ. ભરત પટેલે પોતાના સ્ટુડન્ટ પ્રતીક જોષી સાથે મળીને મેડિકલ સહિત અન્ય ઈન્ડસ્ટ્રીમાં ઉપયોગી થાય તેવું રિસર્ચ કર્યું છે. કેળાના વેસ્ટને પ્રોસેસ કરીને તેમાંથી તૈયાર કરાયેલા ફાઇબરને કુદરતી પાચકોની મદદથી નેનો ટેકનોલોજી વડે પ્રોસેસ કરીને આ રિસર્ચમાં પાવડર, જેલ અને લિક્વીડ સોલ તૈયાર કરાયું છે. આ રિસર્ચની મદદથી ભવિષ્યમાં આર્ટિફિશિયલ હાડકા તૈયાર કરાશે.આર્ટિફિશિયલ હાડકા ઉપરાંત રિસર્ચની મદદથી ફુડ પ્રિઝર્વેશન માટે અને સ્કીન કેર માટે પણ ઉપયોગી થાય તેવું અવલોકન કરાયું છે. નવસારી એગ્રિકલ્ચર યુનિ.માં વર્લ્ડ બેન્કનો એક પ્રોજેક્ટ હતો. જેમાં બનાના વેસ્ટમાંથી પ્રોસેસ કરીને ફાઇબર છુટ્ટા કરાયા હતા. એમ.એસ.યુના પ્રોફેસર દ્વારા કેળાના આ રેસાઓનો કુદરતી પાચકોની મદદથી નેનો પાર્ટ તૈયાર કરાયો હતો. ઈકો ફ્રેન્ડલી પ્રોસેસ દ્વારા કનવર્ટ કરાયેલા નેનો ફાઇબરમાંથી કેટલાક સેલ્યુલોઝ રિસર્ચ ડેવલપ કરવામાં આવ્યા છે. આ ફાઇબર પર પ્રોસેસ કરીને તેમાંથી એક જેલ, પાવડર અને સોલ સસ્પેનશન તૈયાર કરાયું છે.

• એગ્રિકલ્ચરનો વેસ્ટ ઉપયોગી

નેનો ટેક્નોલોજીની મદદથી એગ્રિકલ્ચરના વેસ્ટમાંથી ઉપયોગી સંશોધન થઇ શકે છે. દેશમાં મોટા પાયે જો આ પ્રકારનું પ્રોડક્શન થાય તો સસ્તા ભાવે મેડિકલ, ફુડ પ્રોસેસીંગ સહિતના ક્ષેત્રને એગ્રિકલ્ચર વેસ્ટમાંથી ઉપયોગી ચીજો મળી શકે છે.

અન્ય સંશોધન પણ અને કરી રહ્યાં છે

> આ બધાં રિસર્ચ કુદરતી પ્રોસેસમાંથી જ થાય છે. કોઇ ચીજ નવી નથી શોધાતી અમે હાલમાં મકાઇના છોતરા અને ચોખાના છોતરામાંથી આ પ્રકારના રેસા છુટ્ટા પાડવાનું ને તેના હાઇ પર્ફોર્મન્સ ટેક્સટાઇલ ફાઇબર તૈયાર કરવાનું રિસર્ચ કરી રહ્યાં છે. • **ડૉ.ભરત પટેલ**, સંશોધન કરતા

આ સંશોધન ક્યા ક્ષેત્રમાં ઉપયોગી થશે?

દવાની કેપસ્યુલર ફળોના પ્રીઝર્વેશન માટે ઉપયોગી

કેળાના નેનો સેલ્યુલોઝ અને પોલીવિનાઇલ આલ્કોહોલ મિશ્રણથી બનેલી ફિલ્મ ઓક્સિજન બેરીયર છે. જે પાણીના સંપર્કમાં આવતા ઓગળી જાય છે. આ ફિલ્મથી દવાની કેપસ્યુલ બની શકે છે. આ ઉપરાંત ફળોને તાજા રાખવાના પેકેજીંગ માટે અને ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજીમાં આ ઉપયોગ ક્રાંતીકારી પુરવાર થઇ શકે છે.

હાડકાં સાંધવા નેનો પાવડરનો ઉપયોગ

નેનો સેલ્યુલોઝની મદદથી મજબુત કૃત્રીમ હાડકાં બની શકશે.



ભવિષ્યમાં હાડકાના રિપ્લેસમેન્ટના સ્થાને હાડકાં સાંધવા માટે આ નેનો પાવડરનો ઉપયોગ કરી શકાશે. અમેરીકાના સાયન્ટિસ્ટ્સ કૃત્રીમ હાડકાં બનાવવાની પ્રોસેસ કરી રહ્યાં છે.

બર્નના કેસમાં 90 દિવસમાં રિકવરી મળશે

હાલમાં મેડીકલ ક્ષેત્રમાં 70-80% બર્નના કેસીસમાં નવી ચામડીના

નિર્માણ માટે જે જેલ લગાડવામાં આવે છે તેની અસર 1 વર્ષમાં થતી હોય છે. ડૉ.ભરત પટેલના રિસર્ચમાં પુરવાર થયુ છે કે તે નેનો સેલ્યુલોઝથી બનેલ જેલ લગાડવાથી તેની અસર 90 દિવસમાં થઇ શકે છે.

પ્રોસેસ કેવી રીતે રિસર્ચ કરાયું?

- બનાના વેસ્ટ ખાસ કરીને થડને એક મશીનમાં પ્રોસેસ કરીને તેમાંથી કેળના રેસા છુટ્ટા કરાયા
- આ રેસામાંથી કાપડ તૈયાર કરવામાં આવ્યું હતું જે કોટન જેટલું પાતળું નહીં પરંતુ થોડું જાડું હતું.
- કેળાના થડના ફાઇબરને કુદરતી એન્ઝાઇમ દ્વારા ઈકો ફ્રેન્ડલી પ્રોસેસથી ખૂબ જ નાના કણોમાં ફેરવી દઈને નેનો સેલ્યુલોઝનું નિર્માણ કરાયું.
- આ સેલ્યુલોસમાં જેલ, પાવડર, ફિલ્મ જેવા વિવિધ સ્વરૂપોમાં ઢાળવામાં આવ્યું.

સાઇઝ

તૈયાર થયેલા સેલ્યુલોઝની સાઇઝ સોઇ જેટલી છે. જેનું માપ 500 નેનો મીટર લંબાઇમાં અને 36-40 નેનો ડાયામીટર છે.

ECG મશીનના 113 વર્ષ : મેન્યુઅલ ઓપરેટિંગથી એક ક્લિક સુધીની જર્ની

ડૉ. ભરત મોદી પાસે વિશ્વમાં પહેલીવાર બનેલ મશીન્સમાંનું એક છે

સિટી રિપોર્ટર @cbvadodara

શહેરના સિનીયર ડૉ.ભરત મોદીના પર્સનલ કલેક્શનમાં વિશ્વમાં પહેલી વાર બનેલા ઇલેક્ટ્રોકાર્ડીયોગ્રામ મશીનમાનું એક છે. જે પહેલી વખત 1903માં તૈયાર થયા હતા. અભ્યાસ દરમિયાન યુ.કે.થી આ મશીન ખરીદ્યુ હતુ. હાલ ઈ.સી.જી.મશીન આંગળીની એક ક્લિકના આધારે ઓપરેટ થાય છે. આ મશીન સંપૂર્ણપણે મેન્યુઅલી ટ્યુન કરવું પડતુ હતુ. ડૉક્ટર્સ ડેના ઉપલક્ષમાં 'સિટી ભાસ્કર' એ ઈ.સી.જી.મશીનની 113 વર્ષની રોચક જર્ની જાણી અને અહી વાચકો માટે પ્રસ્તુત કરી હતી.

મેન્યુઅલ પ્રોસેસ થતાં અડધો કલાક થતો

'વિશ્વના પ્રથમ ઈ.સી.જી.મશીન્સમાનું એક મશીન છે.મેં ક્યારેય યૂઝ નથી કર્યું. આ મશીનને જોતા એવું જાણવા મળે છે કે તેનો છેલ્લો યૂઝ 1976 સુધી થયો હશે. ઈ.સી.જી. કરતા પહેલા બોડીમાં લગાડવામાં આવતી ટ્યૂબ પણ મશીનના બોક્સમાં છે. આ મશીનમાં પાવર હોલ્ડર છે. જેથી ઈલેક્ટ્રીસિટીથી ઓપરેટ થતુ પરંતુ પ્રોસેસ સંપૂર્ણપણે મેન્યુઅલ થતી હતી. અડધો કલાકથી વધુ સમયે પી.ક્યુ.આર.એસ. ટી. લખાણની પ્રિન્ટમાંથી ડૉક્ટર સ્ટડી કરીને રિપોર્ટ આપતા હતા. આ પ્રકારનું એક મશીન હોંગકોંગના મ્યુઝિયમ ઓફ મેડિકલ સાયન્સિસ સોસાયટીમાં છે.

• ECGનું જૂનું મશીન.

વડ્ર્સવર્થના ઘરની મુલાકાત સમયે ખરીદેલું

25 વર્ષ પહેલા યુ.કે.માં સ્ટડી કરતા સમયે વડ્ર્સવર્થના લેકડિસ્ટ્રિક્ટમા આવેલા ઘર 'ડવ કોટેજ'ની મુલાકાતે ગયા હતો ત્યા નજીકના વિસ્તારમાં મેડિકલ એન્ટિક્સની એક શૉપ હતી. આ શૉપમાં એક માત્ર ઈ.સી. જી. મશીન હતુ.ડૉ.ભરત મોદીએ પોતાની પોકેટમની ખર્ચીને આ મશીન ખરીદી લીધેલુ જે આજે પણ તેમની ઓફીસમાં મુકેલુ છે.

• ECGનું આધુનિક મશીન.

આજે એક ક્લિકથી 10 સેકન્ડમાં રિઝલ્ટ મળે છે

ઈલેક્ટ્રોકાર્ડીયોગ્રામ (ઈ.સી.જી.) મશીનની 113 વર્ષની જર્ની બાદ વર્તમાન સમયનું જે લેટેસ્ટ ઈ.સી.જી.મશીન છે તે 10 સેકન્ડમાં રિઝલ્ટ આપે છે. આ મશીન કોઈ પણ વ્યક્તિ જેને થોડી પણ જાણકારી છે તે ઓપરેટ કરી શકે છે. અત્યાધુનિક પ્રોગ્રામિંગ યુક્ત આ મશીન બારીકમાં બારીક માહિતી પણ આપી શકે છે. આમ ઈ.સી.જી.મશીનએ ખુબજ મોટી ગણાતી વાતમાંથી આજે એક સામાન્ય ઈન્સ્ટ્રુમેન્ટ બની ગયું છે.

અલ્ટરનેટિવ શિક્ષણ વિશે ટૉક

સિટી રિપોર્ટર @cbvadodara

શહેરની સામાજિક સંસ્થા ઓળખ દ્વારા શરૂ કરવામાં આવેલા યુથ ઈનિશિયેટીવ સંવાદ અંતર્ગત આગામી 9મી જુલાઇના રોજ અલ્ટરનેટીવ એજ્યુકેશન વિષય પર ટોક યોજવામાં આવશે. આ ટોકમાં સ્પીકર તરીકે રાજસ્થાનના ઉદયપુરની સ્વરાજ યુનિવર્સિટીના ફાઉન્ડર રેવા દંડગે ઉપસ્થિત રહેશેય ટોકનો પ્રારંભ શનિવારે સાંજે 5.30 વાગ્યાથી ફાઇન આર્ટ્સ ફેકલ્ટીના એક્ઝિબિશન હોલમાં થશે.આ ટોકમાં અગાઉથી રજિસ્ટ્રેશન કરાવનાર વ્યક્તિને પ્રવેશ અપાશે.

NCC કેમ્પમાં કલ્ચરલ કાર્યક્રમ

સિટી રિપોર્ટર @cbvadodara

એમ.એસ.યુનિવર્સટીના યુનિયન પેવેલિયન ગ્રાઉન્ડ પાસે આવેલ 3 ગુજરાત બટાલિયન એન.સી. સી. હેડક્વાર્ટરમાં એન્યુઅલ કેમ્પ યોજાઇ રહ્યો છે.આ કેમ્પમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી 450 કેડેટ્સ ભાગ લઇ રહ્યાં છે. કેમ્પના ભાગરૂપે રવિવારે સાંજે 4.30 વાગ્યાથી કેડેટ્સ દ્વારા કલ્ચરલ પ્રોગ્રામ પ્રસ્તુત કરાશે. આ કેમ્પના ભાગરૂપે એન.સી.સી.કેડ્ટસની ઈન્ટર ગ્રુપ રાઇફર કૉમ્પિટીશન પણ યોજાઇ હતી.

MSU અધ્યાપિકા,સ્ટુડન્ટે બાળવિકાસની સ્ટડી કરી

બાળકોમાં ન્યુટ્રિશનની સમસ્યા જોવા મળી

સિટી રિપોર્ટર @cbvadodara

• પ્રો.ડૉ.વનીશા નામબીઆર

એમ.એસ. યુનિ.ની ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કમ્યુનિટી સાયન્સિસ ના ફુડ એન્ડ ન્યુટ્રિશન ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રો.ડૉ.વનીશા નામબીઆર દ્વારા વડોદરા રૂરલમાં બાળવિકાસ અને ફુડ એન્ડ ન્યુટ્રિશન સિક્યોરીટીની સ્ટડી કરાઇ છે. સ્ટુડન્ટ તાન્યા નામીબીઆર સાથે મળીને કરાયેલ સ્ટડીમાં એક કંપનીના સી.એસ.આર. હેઠળ પાદરામાં બાળકો અને તરૂણોની સોશિયલ ઈકોનોમિકલ સ્થિતી, બાળ વિકાસ, ફુડ અને ન્યુટ્રિશન પ્રેક્ટીસ વગેરે વિશે સ્ટડી કરાઇ હતી. જેમાં 0-3 વર્ષની ઉંમરના અને 3 વર્ષથી વધુ ઉમરના બાળકોનુ ન્યુટ્રિશનલ સ્ટેટસ ઘણુ જ ખરાબ સ્થિતિમાં છે. સ્ટડીમાં 72 મહીલાઓના ઈન્ટર્વ્યૂસ કરાયા હતા.

સ્ટડીનાં કેટલાક રસપ્રદ તારણો

33.3% બાળકોની હાઇટ અને થીકનેસ પ્રમાણે વજન પૂરતુ નથી અને લો વેઈટ છે. જ્યારે હાઇટની સરખામણીમાં 75% બાળકોનું વજન ખુબ જ ઓછુ હતુ. 62.5% બાળકો લો વેઈટ હોવાનું જાણવા મળ્યુ હતુ. પાદરાના મોટા એકલબારા અને એકલબાર ગામના 0-3 વર્ષની ઉંમરના 37% બાળકોનો વિકાસ ઘણો જ ઓછો થયો હતો.

બાળકોને સપ્લિમેન્ટ્રી ન્યુટ્રિશનની જરૂર

ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સ્કિમ લાગુ હોવા છતા બાળકો માટે સપ્લીમેન્ટ્રી ન્યુટ્રિશીયનની જરૂરી છે. ઉપરાંત બાળ વિકાસ માટે અર્લી ચાઇલ્ડહુડ એજ્યુકેશન આપવા માટે માતાઓના કાઉન્સેલીંગની જરૂર છે. ખાસ 6 વર્ષથી ઓછી ઉમરથી લઇને 0-3 વર્ષની ઉંમરના બાળકો માટે આ પ્રોગ્રામની ખાસ જરૂરીયાત છે.

CSR પ્રોગ્રામ દ્વારા પ્રયાસ કરાશે

યુનિવર્સિટીના અધ્યાપિકા અને સ્ટુડન્ટ દ્વારા એક સ્થાનિક કંપનીની મદદથી સી.એસ.આર. પ્રોગ્રામ હેઠળ આ વિસ્તારમાં સ્થિતિમાં સુધારો આવે તેવા હેતુથી એક કમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે.આ પ્રોગ્રામ હેઠળ છેલ્લા ત્રણ મહીનામાં બાળકો અને માતાઓની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે.

city ANCHOR

ગુજરાત છાત્ર સંસદ દ્વારા દેશમાં લદાયેલ 'ઇમર્જન્સી' વિશે પત્રકાર, લેખક વિષ્ણુ પંડ્યાની ટૉક યોજાઇ હતી

દેશ માટે 'ઇમર્જન્સી' ત્રીજી આઝાદીની ચળવળનો સમય હતો

સિટી રિપોર્ટર @cbvadodara

વર્ષ 1975 થી 21 માર્ચ, 1977ના ગાળામાં બની રહેલી ઘટનાઓને દેશભરમાં લોકોએ બ્લેક ડેઇસ તરીકે મનાવાતા હતા. 'દેશ માટે 'ઇમર્જન્સી'એ ત્રીજી આઝાદીની ચળવળનો સમય હતો' એ સમયે પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના નેતૃત્વ હેઠળ પ્રજાએ ગુજારેલા એ 21 મહિનાને દેશવાસીઓ આજે પણ ઈમર્જન્સી તરીકે ગણાવે છે. આ અંગે ગુજરાત છાત્ર સંસદ દ્વારા ઈમર્જન્સી વિશે ટૉકનું આયોજન કરાયું હતું. જેમાં સ્પિકર તરીકે પત્રકાર, લેખક વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. તેમને જણાવ્યું હતું કે એ સમયના 21 મહિના દેશ માટે તણાવવાળા હતા. વર્ષ 1975 થી 21 માર્ચ, 1977 સુધીના દિવસોને ઈમર્જન્સી તરીકે જાહેર કરાયા હતા.

આર્ટિકલ-352ના હેઠળ દેશ જજુમતો હતો

આર્ટિકલ-352 અંતર્ગત દેશને આંતરિક સુરક્ષાનો ખતરો અને ભય હોય ત્યારે આ કલમ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવે છે. આ એક રાજકીય મુદ્દો ન બનાવી, ઈમર્જન્સી શું છે તે સમજવું ખૂબ જ જરૂરી છે. અને આ સ્થિતિ આજે ગમે ત્યારે દેશમાં સર્જાય શકે છે. જો આપણે ઈમર્જન્સીથી અજાણ રહીએ. લોકશાહી દેશમાં આ પ્રકારની પરિસ્થિતિ ગમે ત્યારે ઉપસ્થિત થઇ શકે છે. તેથી દેશવાસીઓને સાચી સમજ આપવી જરૂરી.

હાસ્યાસ્પદ વાત એ હતી કે પ્રધાનમંત્રી પ્રેસિડેન્ટને ઓર્ડર આપતા

એ સમય એવો ખરાબ હતો કે રાજકારણમાં પણ ભંગાણ જોવા મળ્યું હતું. એ સમયે એવી હાસ્યાસ્પદ વાત બની હતી કે પ્રધાનમંત્રી પ્રેસિડેન્ટને ઓર્ડર આપતા હતા. તેમને પ્રેસિડેન્ટને પત્ર મોકલાયો હતો સાઈન કરવા માટે.

બે થી વધુ વ્યક્તિ સાથે નિકળે તો કાર્યવાહી થતી

1857, 1947 અને 1977માં દુર્ઘટનાને લીધે ઈતિહાસમાં લોકો માટે આ ત્રીજી વાર આઝાદી માટેની ચળવળ બની હતી. બે થી વધુ વ્યક્તિઓ જો એક સાથે ભેગા જોવા મળે તો યોગ્ય કાર્યવાહી કરી પોલીસ તેને જેલ ભેગા કરતાં હતા.

ઘણા ક્રાંતિકારીઓ આ ચળવળમાં જોડાયા હતા

લોકોએ ચૂપ રહીને આ ચળવળને આગળ ધપાવી હતી. વિષ્ણુ પંડ્યા સિવાય શંકરસિંહ વાઘેલાએ પણ જેલમાં જવું પડ્યું હતું. વડપ્રધાન નરેન્દ્ર મોદી પણ એ સમયે આ જન આંદોલનમાં સક્રિય રીતે કામ કરતા હતા.

1973માં ગુજરાત સરકારે રાજીનામું આપવું પડ્યું

આ બધી ઘટનાની અસર વર્ષ 1975 પહેલાજ દેખાતી હતી. આની અસર વર્ષ 1973 માં રહેલી ગુજરાત સરકાર પર પણ થઈ હતી. છેવટે એ વખતની સરકારમાં ચીમનભાઇ પટેલે રાજીનામુ આપવું પડ્યું હતું.

સિટીમાં CAના સ્ટુડન્ટ્સ માટે નેશનલ કન્વેન્શન યોજાશે

સિટી રિપોર્ટર @cbvadodara

વેસ્ટર્ન ઈન્ડિયન રીજ્યન ચાર્ટડ અકાઉન્ટન્ટ્સ સ્ટુડન્ટ્સ એસોસિયેશનની બરોડા બ્રાન્ચ (વિકાસા) દ્વારા ચાર્ટડ અકાઉન્ટન્ટ્સના સ્ટુડન્ટ્સ માટે બે દિવસીય નેશનલ કન્વેશનનું આયોજન કરાયુ છે.આ કનવેન્શનો પ્રારંભ 8મી જુલાઇએ થશે. કનવેન્શનના ઓપનીંગ સમારોહમાં એશિયાની પ્રથમ ઓપન વોટર સ્વીમર ભક્તિ શર્મા ચિફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેશે.ઈનૉગ્રલ સમારંભમા આઇ.સી.એ.આઇ.ના પ્રેસિડેન્ટ એમ.દેવરાજા રેડ્ડી, વાઇસ પ્રેસિડેન્ટ નિલેશ વિકમસે સહિતના ચાર્ટડ અકાઉન્ટન્ટ્સ ઉપસ્થિત રહેશે. થીમ 'સક્સેસ ઇઝ બોર્ન આઉટ ઓફ એક્શન' રાખી છે. કન્વેશનનામાં પ્રથમ દિવસે કોર્પોરેટ લૉ, સક્સેસ ઇઝ બોર્ન આઉટ એક્સેશન, ચેન્જિંગ પેરેડાઇમ ઈન ઈન્ડિયન ઈકોનોમિક્સ વિષય પર એક્સપટ્ર્સ લેક્ચરના વક્તવ્ય યોજાશે.9મી જુલાઇએ શનિવારે ચેન્જિંગ લેન્ડસ્કેપ ઈનફોર ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન ઈન્ડિયા, એકાઉન્ટ્સ એન્ડ ઓડિટ, ઈનડાયરેક્ટ ટેક્સેશન, અને મોટિવેશન લેક્ચર યોજાશે.અંતિમ મોટિવેશન લેક્ચરમાં નેપાળના શૌનક ભથ્થા ઉપસ્થિત રહેશે.